નાંદરવા, રેણાં અને વાઘજીપુર ગ્રામ પંચાયતોની પેટા ચુંટણીમાં પણ માત્ર સરપંચ પદની ચુંટણી

શહેરા તાલુકામા સરપંચના ૮૦ અને સભ્ય પદના ૩૩૭ ઉમેદવાર મેદાનમાં

● શહેરા, તા.૧૨

શહેરા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થતા ૨૪ ગ્રામ પંચાયતોમાં સામાન્ય અને ૩ ગ્રામ પંચાયતોમાં પેટા ચુંટણી ૨૨ જૂન ના રોજ યોજાનાર છે. કુલ ૨૭ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદના ૮૦ ઉમેદવારો અને સભ્ય પદના ૩૩૭ ઉમેદવારો ચુંટણી મેદાનમાં હોવા સાથે જ્યારે બિન હરીફ સરપંચ પદના ૮ ઉમેદવાર અને ૧૨૪ વોર્ડ સભ્યો થયા હતા.અને સાત ગ્રામ પંચાયત સમરસ થઈ હતી...

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં ૩૧ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૧૧ ગ્રામ પંચાયતોની પેટા ચુંટણી માટે સરપંચ પદના કુલ ૧૩૨ ફોર્મ અને સભ્ય પદ માટે કુલ ૪૯૯ ફોર્મ ભરાયા હતા,જેમાં ફોર્મ ચકાસણીના દિવસે સરપંચ પદના ૪ ફોર્મ અને સભ્ય પદના ૯ ફોર્મ અમાન્ય થયા હતા,જ્યારે ફોર્મ પરત ખેંચવાના દિવસે સરપંચ પદના ૪૪ અને સભ્ય પદના ૨૭ ફોર્મ પરત ખેંચાયા હતા,જેને લઈને સરપંચ પદના ૮ ઉમેદવારો જ્યારે ૧૨૪ વોર્ડ સભ્યો બિનહરીફ થયા હતા,જેમાં યોજાનાર પેટા ચુંટણીમાં સરપંચના ૧ ઉમેદવાર અને સભ્ય પદના ૩ ઉમેદવારનો સમાવેશ થાય છે,સાથેસાથે સમરસ થયેલ ૭ ગ્રામ પંચાયતોના સરપંચ અને સભ્ય પદના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.જોકે યોજાનાર ૪૨ ગ્રામ પંચાયતોમાંથી પેટા ચુંટણીમાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ પંચાયત પૈકી ખાંટના મુવાડા વોર્ડ નં.૭, ગોકળપુરા વોર્ડ નં.૧, પોયડા વોર્ડ નં.૮ અને વાડી ગ્રામ પંચાયતમાં વોર્ડ નં.૭ ની પણ ચુંટણી થવાની હતી પરંતુ આ ચાર ગ્રામ પંચાયતોમાં વોર્ડ સભ્યોની પેટા ચુંટણી માટે એક પણ ફોર્મ નહીં ભરાયા હોવાની સાથે ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચાયા બાદ સરપંચ અને સભ્ય પદના ઉમેદવારો બિનહરીફ થતાં ૨૪ ગ્રામ પંચાયતોમાં સામાન્ય અને ૩ ગ્રામ પંચાયતોની પેટા ચુંટણી મળી કુલ ૨૭ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદના ૮૦ ઉમેદવારો અને સભ્ય પદના ૩૩૭ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહેતા ગ્રામ પંચાયતોની ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે.જોકે યોજાનાર ૨૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી પૈકી ધરોલાખુર્દ અને ખરોલી ગ્રામ પંચાયતમાં તમામ ૮ વોર્ડ બિનહરીફ થતાં માત્ર સરપંચ પદની ચુંટણી યોજવાની છે,જ્યારે નાંદરવા,રેણાં અને વાઘજીપુર આ ૩ ગ્રામ પંચાયતોની પેટા ચુંટણીમાં પણ માત્ર સરપંચ પદની ચુંટણી યોજાવાની છે.ત્યારે હવે ગ્રામ પંચાયતોની ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થતાં ચુંટણી મેદાનમાં રહેલા સરપંચ અને સભ્ય પદના ઉમેદવારો પોતાની જીત હાંસલ કરવા માટે ચુંટણી પ્રચારમાં લાગી ગયા છે.

બોટાદમાં પ્રેમ લગ્ન મામલે સમાધાન કરવા ગયેલા મિત્રએ જ મિત્રની હત્યા કરી

● ભાવનગર, તા.૧૨

શહેર ખાતે પ્રેમ લગ્ન બાબતે એકઠા થયેલા મિત્રો વચ્ચે બોલા ચાલી થતા મામલો હત્યાની ઘટના સુધી પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. મિત્ર દ્વારા જ મિત્રની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનામાં ખેતી કામના વ્યવસાય સાથે સંકળાયેલા ૩૮ વર્ષીય જગદીશ મહેતા નામના વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે ૩૨ વર્ષીય વિધવા મનીષા જગદીશ મહેતા દ્વારા બોટાદ સીટી પોલીસ સ્ટેશન ખાતે પોતાના પતિ જગદીશ મહેતાના મિત્ર નરેશ મનુભાઈ ચાવડા, અનિરુદ્ધ ઉર્ફે પોપટ મનુભાઈ ચાવડા, મહાવીર ચાવડા, ભગીભાઈ ભાભલુભાઈ, નાગરાજભાઈ ચાવડા, યોગેશભાઈ પ્રતાપભાઈ તેમજ વનરાજભાઈ ખાચર વિરુદ્ધ બીએનએસ ની કલમ ૧૦૯(૧), ૧૦૩(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૪), ૩(૫) સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસને આપેલી ફરિયાદમાં મનીષા મહેતા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૧૦ જૂન ૨૦૨૫ ના રોજ સાંજના સમયે મારા પતિનો મને ફોન આવ્યો હતો અને જણાવ્યું હતુ કે, ગઢડા રોડ ઉપર રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતા હેતલબેન સોલંકીના ઘરે હું તેમજ મારા મિત્રો નરેશભાઈ તથા જયદીપ તથા સુરાભાઈ તેમજ અફઝલ ખીમાણી સહિતના વ્યક્તિઓ જમવાનો પ્રોગ્રામ હોવાથી હું રાત્રિના મોડેથી આવીશ. ત્યારે રાત્રિના ૧૨:૧૫ વાગ્યાના અરસામાં મારા પતિના મિત્ર નરેશ ચાવડા ગાળો બોલતા બોલતા મારા ઘરે આવ્યા હતા. તેમજ નરેશભાઈ કહેતા હતા કે, હું જગાને બે દિવસમાં મારી નાખવાનો છું. જગાએ અને સુરાભાઈએ હેતલ સોલંકીના ઘરે મારી સાથે માથાકૂટ કરી છે તેવું કહીને અમારા ઘરની બહાર નીકળી ગયા હતા. તેમજ તેમની સાથે આવેલા માણસોએ અમારા મોટરસાયકલમાં તોડફોડ કરી હતી. દરમિયાન રાત્રીના પોણા એક વાગ્યાના અરસામાં મારા કૌટુંબિક ભત્રીજા જય મહેતાનો મને ફોન આવ્યો હતો. તેમજ મને જણાવ્યું હતું કે, જગા કાકાને પાળિયાદ રોડ ઉપર શિવ શક્તિ ગેસ્ટ હાઉસ પાસે કોઈએ છરીઓના ઘા મારેલા હોય જેથી અમે તેમને સોનાવાલા હોસ્પિટલ ખાતે લઈ જઈએ છીએ. જ્યાં સારવાર દરમિયાન મારા પતિનું મૃત્યુ થયું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું.મારા પતિ તેમજ તેમના મિત્રો હેતલબેન સોલંકીના ઘરે જમવા માટે ભેગા થયા હતા. હેતલબેન સોલંકીની દીકરી જાનવીએ પ્રેમ લગ્ન કર્યા હોય જે બાબતે સમાધાનની વાત ચાલતી હતી. જે સમાધાનની વાતમાં ઝઘડો થતા નરેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેમજ ત્યારબાદ નરેશભાઈ દ્વારા મારા પતિને છાતીના ભાગે છરીનો ઘા માર્યો હતો. તેમજ ત્યારબાદ નરેશભાઈ દ્વારા પોતાના સગા સંબંધીઓને ફોન કરીને બોલાવીને હેતલ બહેનને પણ માર માર્યો હતો. તેમજ મારા ઘાયલ પતિને તેમના મિત્ર અફઝલ એકટીવા પાછળ બેસાડીને લઈ જતા હતા ત્યારે અનિરુદ્ધ ઉર્ફે પોપટ ચાવડા દ્વારા શક્તિ ગેસ્ટ હાઉસ પાસે એકટીવા ને પાછળથી ટક્કર મારીને પાડી દીધી હતી. તેમજ ત્યારબાદ અનિરુદ્ધભાઈ ઉર્ફે પોપટ ચાવડાએ તેમજ યોગ્ય પ્રતાપ ચાવડા તેમજ વનરાજ ખાચર દ્વારા લોખંડનો પાઈપ લઈને યોગેશભાઈએ મારા પતિને પકડી રાખ્યા હતા. જ્યારે કે અનિરુદ્ધ દ્વારા બે ચાર લાફા મારી તેના હાથમાં રહેલ છરી વડે મારા પતિને એક જીવ લેણ ઘા માર્યો હતો. સમગ્ર મામલે મીડિયા સાથેની વાતચીતમાં બોટાદ ડીવાયએસપી મહર્ષિ રાવલના જણાવ્યા અનુસાર, મરણ જનાર જગદીશ મહેતા તેમજ નરેશ ચાવડા બંને મિત્રો છે. ઘણા સમયથી એકબીજાના પરિચયમાં છે તેમજ સાથે બેસવાની ટેવ પણ ધરાવે છે. હેતલ સોલંકીની દીકરી જાનવી પ્રેમ લગ્ન કરતા જગદીશ મહેતા, નરેશ ચાવડા સહિતના વ્યક્તિઓ હેતલબેનના ઘરે એકઠા થયા હતા. તે સમયે નરેશ ચાવડા દ્વારા હેતલ સોલંકીને દીકરીના પ્રેમ લગ્ન બાબતે સમાધાન કરી લેવાનું જણાવ્યું હતું. જ્યારે કે જગદીશ મહેતા સમાધાન કરવા બાબતે ના પાડતા હતા. જેથી બંને મિત્રો વચ્ચે બોલાચાલી થઈ હતી અને આખરે મામલો હત્યા સુધી પહોંચ્યો છે. તમામ આરોપીઓ રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકાના આંકડિયા ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. આરોપીઓને ઝડપી પાડવા માટે બોટાદ સિટી પોલીસ સ્ટેશન, લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની જુદી જુદી ટીમો બનાવવામાં આવી છે. ટેકનિકલ સર્વિલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના માધ્યમથી આરોપીઓની શોધખોળ હાલ ચાલી રહી છે.

વિવિધ પ્રકારના ઔષધીય અને આયુર્વેદિક વૃક્ષો અને રોપાઓનું વાવેતર

તાજપુરા ખાતે મહા સિદ્ધ યોગી દાદા બાપુની ખાસ ઉપસ્થિતિમાં ૨૫૦૦૧ વૃક્ષો રોપાયા

● હાલોલ, તા.૧૨

હાલોલ તાલુકાના સુપ્રસિદ્ધિ યાત્રાધામ તાજપુરા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મહા સિદ્ધ યોગી પરમ પૂજ્ય દાદા બાપુની ઉપસ્થિતિમાં ૨૫૦૦૧ વૃક્ષોનું ઐતિહાસિક વૃક્ષારોપણ કરાયું હતું.

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના શ્રી નારાયણ ધામ તાજપુરાના મહાન સંત શ્રી પરમ પૂજ્ય બ્રહ્મલીન શ્રી નારાયણ બાપુની તપો ભૂમિની સાનિધ્યમાં શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા વિરાટ નારાયણ વન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જે અંતર્ગત ગત વર્ષે નારાયણ વિરાટ વનમાં એક દિવસમાં એક જ સમયે ૧૩૫૫૧ જેટલા વિવિધ પ્રકારના રોપાઓ અને વૃક્ષોનું વાવેતર કરી એક રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો અને આ સ્થળે આગામી વર્ષોમાં પાંચ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં આજે ૧૫,૦૦૦ થ પણ વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું છે જે અંતર્ગત આ વર્ષે પણ વિરાટ નારાયણ વન અભિયાન અંતર્ગત ભારત દેશના માનનીય શ્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના દેશમાં હરિયાળી ક્રાંતિ લાવવાના મહા અભિયાન અંતર્ગત આયોજિત કરાયેલ એક વૃક્ષ માં કે નામની ઝુંબેશ ઉપાડી વિરાટ નારાયણ વન ખાતે એક વૃક્ષ શ્રી નારાયણ બાપુજી કે નામ અને એક વૃક્ષ માં કે નામની મહા ઝુંબેશ હાથ ધરી એક જ દિવસમાં એક જ સમયે ૨૫૦૦૧ એક જેટલા વિવિધ પ્રકારના ઔષધીય અને આયુર્વેદિક વૃક્ષો અને રોપાઓનું વાવેતર કરી મહા વૃક્ષારોપણનો પોતાનો જ રેકોર્ડ તોડી એક નવો રેકોર્ડ સ્થાપિત કરવાનું અભિયાન હાથ ધરાયું છે .

રાજકોટના નામાંકિત જ્વેલર્સમાં થઈ ૨૫ લાખથી વધુની ચોરી! તપાસમાં ઘરના જ નીકળ્યા ઘાતકી

● રાજકોટ, તા.૧૫

થોડા સમય પૂર્વે રાજકોટની જિલ્લા બેંક ખાતે બેંક લોકર સંભાળનાર કર્મચારી જ કળા કરી ગયો હોવાની ઘટના સામે આવી હતી. બેંક લોકર ધારક દ્વારા લોકરમાં રાખવામાં આવેલા ૧૨૦૦ ગ્રામથી પણ વધુના દાગીનાઓ કર્મચારી ઓળવી ગયો હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આ જ પ્રકારની સામ્યતા ધરાવતી વધુ એક ઘટના સામે આવી છે રાજકોટ શહેરમાં. જવેલર્સના શોરૂમમાં હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે ફરજ બજાવનારા નૈમિષ જાની દ્વારા જ શોરૂમમાંથી સોનાના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં નૈમિષ જાની છેલ્લા બે વર્ષથી અર્જુન જ્વેલર્સમાં કામકાજ કરતો હોવાની કબુલાત આપી છે.રાજકોટ શહેરમાં વધુ એક જગ્યાએ ચોકીદાર જ ચોર નીકળ્યો હોય તે પ્રકારની ઘટના સામે આવી છે. રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આવેલ અર્જુન જ્વેલર્સ નામના શો રૂમમાં એક નહીં બે નહીં પરંતુ ૨૫ લાખથી પણ વધુના સોનાના દાગીનાની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી હતી. ગત ૨૨ મે ૨૦૨૫ ના રોજ અર્જુન જ્વેલર્સનો સ્ટોકનું કામકાજ સંભાળનાર યશ ઠુંમર દ્વારા સ્ટોક ચેક કરતા શોરૂમની તિજોરીમાં તપાસ કરતા કેટલાક સોનાના દાગીના મિસ પ્લેસ થયા હોવાનું જણાઈ આવ્યું હતું.

વાયરસને નિયંત્રણમાં લેવા આરોગ્ય વિભાગે મહત્વના પગલાં લીધા

મહીસાગર જિલ્લામાં ચાંદીપુરમ વાયરસનો ફેલાવો રોકવા મકાનોમાં મેલેથીયોન ડસ્ટિંગ

● લુણાવાડા, તા.૧૨

મહીસાગર જિલ્લામાં ચાંદીપુરમ વાયરસને નિયંત્રણમાં લેવા આરોગ્ય વિભાગે મહત્વના પગલાં લીધા છે. ગત વર્ષે ભેજવાળા વાતાવરણમાં ત્રણ કેસ નોંધાયા હતા. આ વર્ષે ચોમાસા પહેલાં જ વિભાગે સક્રિય થઈને કામગીરી શરૂ કરી છે.જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સી.આર. પટેલિયાના માર્ગદર્શન હેઠળ ૧૫૧ ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ ટીમો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા ૪૧,૩૦૦ કાચા મકાનોમાં મેલેથીયોન ડસ્ટિંગનો છંટકાવ કરી રહી છે.આ કામગીરી પ્રથમ તબક્કાની છે. તેનો મુખ્ય હેતુ સેન્ડ ફ્લાય માખીનો ઉપદ્રવ અટકાવવાનો છે. આ માખીઓ દ્વારા ફેલાતા ચાંદીપુરમ વાયરસને રોકવા માટે આ અગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે. વાયરસને નિયંત્રણમાં લેવા આરોગ્ય વિભાગે મહત્વના પગલાં લીધા છે.

મુખ્યમંત્રીએ વિકસિત ગુજરાત માટે શિક્ષણના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું

મહીસાગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

● લુણાવાડા, તા.૧૨

મહીસાગર જિલ્લામાં આગામી ૨૬થી ૨૮ જૂન, ૨૦૨૫ દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની રાજ્ય કક્ષાની બ્રિફિંગ બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠકમાં મહીસાગરના ઈન્ચાર્જ કલેકટર યુવરાજ સિદ્ધાર્થ અને પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા સહિત જિલ્લા અને રાજ્યના અધિકારીઓ ઓનલાઈન જોડાયા હતા. મુખ્યમંત્રીએ વિકસિત ગુજરાત માટે શિક્ષણના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષણ મંત્રી અને વિભાગના ઉચ્ચ અધિકારીઓએ વિવિધ યોજનાકીય સહાય અને ભાવિ આયોજનની વિગતો રજૂ કરી હતી. લુણાવાડા ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળા પ્રવેશોત્સવના આયોજનની માહિતી આપી હતી.

લુણાવાડા જિલ્લા કલેકટર કચેરી સભાખંડમાં યોજાયેલી બેઠકમાં નિવાસી અધિક કલેકટર સી વી લટા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને પ્રાંત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ જિલ્લાના કુબા ગામમાં ૩૨ વર્ષથી ચૂંટણી વિના સર્વસંમતિથી પંચાયતના સરપંચ અને સભ્યોની નિયુક્તિ થાય

● પાટણ, તા.૧૨

એક તરફ જ્યાં ગામો ચૂંટણીને લઈને પડકારોનો સામનો કરે છે, ત્યાં પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાનું કુબા ગામ એક અનોખું ઉદાહરણ બની ગયું છે. આ ગામમાં ભારતની આઝાદી પછીથી આજ સુધી એક પણ વાર પંચાયતની ચૂંટણી યોજાઈ નથી. આશરે ૭૦૦થી ૮૦૦ની વસ્તી અને ૪૫૫ મતદારો ધરાવતું આ નાનકડું ગામ સમરસતાની મજબૂત પરંપરા જીવંત રાખે છે.

કુબા ગામમાં આ વર્ષે પણ ગ્રામજનોની સહમતિથી બબીબેન પુનાજી ઠાકોરને સરપંચ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ગ્રામજનો એકત્રિત થઈ, ચર્ચા કરીને ચૂંટણી વગર સર્વસંમતિથી સમગ્ર પંચાયત ટીમની રચના કરી છે. ખાસ વાત એ છે કે આ વખતે ચાર શિક્ષિત દીકરીઓ અલ્પાબેન, સગુણાબેન, મમતાબેન અને કાજલબેન ઠાકોર પણ પંચાયત સભ્ય તરીકે બિનહરીફ રીતે ચૂંટાઈ આવી છે.

ગામના સરપંચના દીકરા અને આગેવાન હરજીજી ઠાકોર જણાવે છે કે, ''ગામમાં મુખ્યત્વે ઠાકોર સમાજ વસે છે. ગામના વડીલો અને યુવાનો મળીને તમામ નિર્ણયો લે છે.'' આ ગામના આગેવાન જીવનજી ઠાકોરે જણાવ્યું કે, ''અમારા ગામમાં ચૂંટણી યોજાવાની જરૂર જ પડતી નથી. ભાઈચારો જાળવીએ છીએ અને સરપંચની પસંદગી સૌના સમર્થનથી કરીએ છીએ.''

આ વખતે સરપંચપદ પર વડીલ મહિલાને અને સભ્યપદે ચાર દીકરીઓને પસંદ કરીને ગામે લિંગ સમાનતાનું ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે. ગામના પંચાયત સભ્ય અલ્પાબેન વિરમજી ઠાકોરે જણાવ્યું કે, ''અમારું ધ્યેય છે કે ગામમાં શુદ્ધ પાણી, શિક્ષણ અને યુવાનો માટે નવી તકો ઉપલબ્ધ થાય. અમે પંચાયતમાં શિક્ષિત અભિગમથી નિર્ણય લઈશું.''

પંચાયતની ચૂંટણીમાં ભાગ લેનાર યુવતીઓએ કહ્યું કે, ''દીકરી સાપનો ભાર નહિ, બાપની પાઘડી છે. આજે અમે એ વાત સાબિત કરી છે કે મહિલા નેતૃત્વ પણ ગામના વિકાસ માટે સમર્થ છે. પંચાયતના નવા બિનહરીફ સભ્યોમાં બબીબેન પુનાજી ઠાકોર(સરપંચ), સભ્યોમાં અલ્પાબેન વિરમજી ઠાકોર, સગુણાબેન સરદારજી ઠાકોર, મમતાબેન ચમનજી ઠાકોર, કાજલબેન પરથીજી ઠાકોર, રાહુલજી વણવીરજી ઠાકોર, અનારજી દશરથજી ઠાકોર, મનીષજી જીવણજી ઠાકોર, વાલાજી ગંભીરજી ઠાકોરનો સમાવેશ થાય છે. કુબા ગામમાં નાની-મોટી વાંધાઓનો ઉકેલ ચૂંટણી મારફતે નહિ પણ વાટાઘાટ અને સમજદારીથી થતો રહ્યો છે. ગામના વડીલો કહે છે કે, ''૩૨ વર્ષથી અહીં ચૂંટણી જોવી નથી પડી.'' ગામના આદર્શ મોડેલ પરથી દેશના અન્ય ગામો પણ પ્રેરણા લઈ શકે છે.

આફવા ગ્રામ પંચાયત સરપંચ વિરુદ્ધ ગ્રામ પંચાયત સભ્યો દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ ટી.ડી.ઓ. સમક્ષ રજૂ કરાઇ

આફવા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત આપતા ખળભળાટ

● સુખસર, તા.૧૨

ફતેપુરા તાલુકાના આફવા ગ્રામ પંચાયતમાં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી ગ્રામ પંચાયત ખાતે ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટમાં લાખોની ગેરરીતી આચરવામાં આવી હોવા બાબતે તાલુકા કક્ષાએથી લઈ રાજ્યકક્ષા સુધી અનેક વાર રજૂઆતો કરવા છતાં જવાબદારો દ્વારા કસુરવારોને છાવરવાની કોશિશ થતા આખરે આફવા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા ૧૦ પૈકી ૮ સભ્યો દ્વારા આજરોજ ફતેપુરા તાલુકા વિકાસ અધિકારીને અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી હોવાનું જાણવા મળે છે.

વિગતે જોઈએ તો ફતેપુરા તાલુકાના આફવા ગ્રામ પંચાયતમાં ૧૦ વોર્ડ આવેલા છે.જેમાં સરપંચ તરીકે શ્રીમતી વળવાઈ સરલાબેન ધનરાજભાઈ નાઓ કાર્યરત છે.જ્યારે ગત એક વર્ષ ઉપરાંતથી આફવા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ લબાના હરીશભાઈ નરવરસિંહ ના ઓએ તાલુકા કક્ષાએથી લઈ રાજ્યકક્ષા સુધી ત્રણ-ત્રણ વાર રજૂઆતો કરી આફવા ગ્રામ પંચાયતના વિકાસ કામો ની તપાસ બાબતે માંગણી કરી હતી. ત્યારબાદ ફતેપુરા તાલુકા પંચાયતના જવાબદાર અધિકારી દ્વારા આફવા ગામમાં ૧૫માં નાણાપંચ દ્વારા કરવામાં આવેલ કામગીરીની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન ગ્રામ પંચાયત દ્વારા બતાવવામાં આવેલ કામગીરી સ્થળ ઉપર જોવા મળી ન હતી.જે બાબતે તપાસ અધિકારીએ સ્થળ બેઠા આફવાના નાગરિકોના જવાબો લઈ અરજદારને લેખિત કોપી આપી હતી. ત્યારબાદ આ રિપોર્ટ તાલુકામાં જતા તાલુકા વિકાસ અધિકારી બારીયા દ્વારા મનઘડત રિપોર્ટ બનાવી અરજદાર સહિત જિલ્લા કક્ષાએ મોકલી આપ્યો હતો.

ત્યારબાદ અરજદાર દ્વારા દાહોદ કલેકટર ખાતે સ્વાગત કાર્યક્રમમાં અરજી આપી હતી.જે અરજી ટ્રાન્સફર કરી તાલુકા કક્ષાએ મોકલી આપતા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજદારને યોગ્ય ન્યાય મળશેનુ આશ્વાસન આપવામાં આવ્યું હતું.પરંતુ તેના પણ બે માસ થઈ જવા છતાં અરજદારને કોઈ ન્યાય નહીં મળતા આખરે આફવા ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા ૧૦ પૈકી ૮ સભ્યોએ આજરોજ ફતેપુરા તાલુકા વિકાસ અધિકારીને અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હોવાનું જાણવા મળે છે. આફવા ગામમાં ૧૫માં નાણાપંચ દ્વારા કરવામાં આવેલ કામગીરીની તપાસ કરવામાં આવી હતી.તપાસ દરમ્યાન ગ્રામ પંચાયત દ્વારા બતાવવામાં આવેલ કામગીરી સ્થળ ઉપર જોવા મળી ન હતી. જે બાબતે તપાસ અધિકારીએ સ્થળ બેઠા આફવાના નાગરિકોના જવાબો લઈ અરજદારને લેખિત કોપી આપી હતી. સરપંચ મહિલા હોય તેમના સસરા વહીવટ અને દખલગીરી કરે છે, કોઈપણ સભ્યને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી રીતે નિર્ણયો લેવામાં આવે છે,કોઈપણ કામમાં સભ્યો ઉપર વિશ્વાસ રાખતા નથી,ગ્રામ પંચાયતના કામોમાં ખર્ચા કે આવક બતાવતા નથી, વર્ષ ૨૦૨૨ થી વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટના નાણા દ્વારા સ્થળ ઉપર કામગીરી કર્યા વિના બારોબાર લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરેલ છે,તલાટી અને મહિલા સરપંચના સસરાએ મિલીભગતથી નાણાપંચના નાણાંની ગેરરિતીથી નાણાં ઉપાડેલ હોવાના અવિશ્વાસ દરખાસ્ત માં આક્ષેપો કરવામાં આવેલ છે.

ચુંટણીને લઈ ઉમેદવારોમાં ઉત્સાહ

દાહોદ જિલ્લામાં ૧૮ ગ્રામ પંચાયતના ઉમેદવારો બિન હરીફ ચુંટાઈ આવ્યાં

● દાહોદ તા.૧૨

દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીને લઈ ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે દાહોદ જિલ્લામાં ૧૮ ગ્રામ પંચાયતના ઉમેદવારો બિન હરીફ ચુંટાઈ આવ્યાં છે. ત્યારે ૨૬૩ ગ્રામ પંચાયતોમાં ઉમેદવારો મેદાનમાં છે.

દાહોદ જિલ્લામાં કુલ ૨૮૧ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ચુંટણીનું આયોજન થઈ ચુક્યું છે. આગામી તારીખ ૨૨મી જુનના રોજ ગ્રામ પંચાયતોની ચુંટણીનું આયોજન થવા જઈ રહ્યું છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર તેમજ ચુંટણી વિભાગ દ્વારા પણ તૈયારીઓમાં લાગી ગઈ છે. આ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પ્લાન ઘડી નાંખવામાં આવ્યો છે. ત્યારે દાહોદ જિલ્લાની કુલ ૨૮૧ ગ્રામ પંચાયતો પૈકી ૧૮ ગ્રામ પંચાયતોમાં ઉમેદવારો બિન હરીફ ચુંટાઈ આવ્યાં છે. હવે ૨૬૩ ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાશે. વિગતવાર માહિતી પ્રમાણે દાહોદમાં કુલ ૨૮ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. ગરબાડામાં ૧૮, ઝાલોદમાં ૬૭, ફતેપુરામાં ૫૦, સંજેલીમાં ૦૯, લીમખેડામાં ૨૬, ધાનપુરમાં ૨૧, સીંગવડમાં ૧૬ અને દેવગઢ બારીઆમાં ૪૬ ગ્રામ પંચાયતો મળી કુલ ૨૮૧ ગ્રામ પંચાયતોનો દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ છે. આ પૈકી ઝાલોદમાં ૭ ગ્રામ પંચાયતોમાં ઉમેદવારો બિન હરીફ જાહેર થયાં છે. ફતેપુરામાં ૦૨, ધાનપુરમાં ૦૧ અને દેવગઢ બારીઆમાં ૦૮ ગ્રામ પંચાયતોના ઉમેદવારો બિન હરીફ જાહેર થયાં છે.

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 052 થી 053 વર્ષ 2025-26

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમાંક નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	કામની અંદાજિત કિંમત (રૂ.માં)	જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં)
1	DRM BRC 057 of 2025-26	વડોદરા વિભાગ:- Sr DEN ઉત્તર BRC ના અધિકારક્ષેત્ર હેઠળ યાર્ડસના સુધારણા માટે TRR, TSR, CTR, TBR, ISD, TFR અને અન્ય સંકળાયેલ ટ્રેક નવીકરણ પ્રવૃત્તિઓ જેવી કે TRR, TSR, CTR, TBR, ISD, TFR અને અન્ય સંકળાયેલ ટ્રેક નવીકરણ પ્રવૃત્તિઓ.	14,14,58,223.24	8,57,300.00
2	DRM BRC 058 of 2025-26	વડોદરા વિભાગ:- Sr. DEN દક્ષિણ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ ઓફિસ, સ્ટોર, શૌચાલય, પાથવે, ટો વોલ, પ્રોટેક્શન અને યાર્ડસમાં કોઈપણ સિવિલ કાર્ય જેવા સિવિલ અને અન્ય સંકળાયેલ કાર્યો.	2,81,83,763.21	2,90,900.00

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 03.07.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.**વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004. 060

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.

CIN: L25200GJ1973PLC002436

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

E mail : secshare@styrenix.com | **Website :** www.styrenix.com

નોટીસ

ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઇઓ મુજબ, કંપનીના ઈક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત (૭) વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફન્ડ (આઇઇપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ તા. ૧૨ જુન, ૨૦૨૫ ના રીમાઈન્ડર લેટર દ્વારા શેર હોલ્ડરોને તેમના કંપનીમાં નોંધાયેલા સરનામે યોગ્ય પગલાં લેવા વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઈટ www.styrenix.com પર આવા શેરહોલ્ડરો અને આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાપાત્ર શેર્સની વિગતો અપલોડ કરવામાં આવી છે. શેરહોલ્ડર્સ વેબસાઈટમાંથી અનક્લેમ્ડ ડિવિડન્ડ અને આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર માટે પાત્ર શેરની વિગતો ચકાસી શકે છે તથા ટ્રાન્સફર થતાં પહેલાં તેમના ડિવિડન્ડ અને શેર કલેઇમ કરવા માટે કંપનીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે.

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સંબંધિત શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની, નિયમો મુજબ આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સનાં ટ્રાન્સફરના હેતુઓ માટે તેમના દ્વારા રાખવામાં અવેલા મૂળ શેર પ્રમાણપત્રો ને બદલે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) આપશે અને આવા શેરના ઈશ્યુ પર મૂળ શેર પ્રમાણપત્ર, જે તેમના નામ પર રજીસ્ટર્ડ છે, તે આપમેળે રદ થઈ જશે અને બિન-વટાઉ તરીકે માનવામાં આવશે અને ઇલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવતા શેરહોલ્ડરોને તેમના આવા આઈઈપીએફમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર તેમના ડિમેટ એકાઉન્ટમાં ડેબીટ તરીકે જણાશે. વધુમાં શેરહોલ્ડરો નોંધ લઇ શકે છે કે ઉપરોક્ત રીમાઈન્ડર પત્રો ઉપરાંત, કંપની દ્વારા તેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમો અનુસાર, આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સના ટ્રાન્સફરના હેતુસર કંપની દ્વારા ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) ના ઈશ્યુના સંદર્ભમાં યોગ્ય નોટિસ માનવામાં આવશે.

જો કંપની **૩૧ ઓગષ્ટ, ૨૦૨૫** સુધી સંબધિત શેરહોલ્ડરો પાસેથી કોઈપણ પ્રકારનો કાયદેસરનો દાવો / જવાબ નહીં મળે, તો કંપની ઉક્ત નિયમોની જરૂરીયાતોનું પાલન કરવાના દૃષ્ટિકોણ સાથે, શેરહોલ્ડરોને અન્ય કોઈપણ વધુ નોટિસ વિના, નિયમોમાં નિયત પ્રક્રિયા મુજબ નિયત તારીખ સુધી શેરને આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરશે, ત્યાર બાદ આવા ટ્રાન્સફર કરાયેલા શેરો અંગે કંપનીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

શેરહોલ્ડર્સ નોંધી શકે છે કે બંને આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનક્લેમ્ડ ડિવિડન્ડ અને શેર્સ, અને આવા શેર્સ પર પ્રાપ્ત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોયતો, નિયમોમાં સૂચિત કાર્યવાહીને અનુસરીને આઇઇપીએફ ઓથોરિટી પાસેથી તેઓ ફરીથી કલેમ કરી શકે છે.

જો શેરધારકોને ઉપરોક્ત વિષય અંગે કોઈપ્રશ્ન હોય તો તેઓ કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ (અગાઉની લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ), "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ટેલિફોન નં. (૦૨૬૫) ૩૫૬૬ ૭૬૮, ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com નો સંપર્ક કરી શકશે.

બોર્ડના આદેશ દ્વારા
સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે
સહી/-
ચિંતન દોશી
મેનેજર લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૧૨ જુન, ૨૦૨૫
સ્થળ : વડોદરા

પશ્ચિમ રેલવે

કપલર અને કેબલનો પુરવઠો

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (પશ્ચિમ), વેસ્ટર્ન રેલવે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩, કામના અવકાશ અને દરના EL/WA/PL/2024-25/46, તા. ૦૯.૦૬.૨૦૨૫. સ્થાન સાથે કામનું નામ: ની જોગવાઈ સમયપત્રક મુજબ, લોઅર પરેલના કેરેજ રિપેર વર્કશોપ ખાતે LHB એસી કોચ માટે ઈ-ટેન્ડર નંબર: હાઈ કેપેસિટી IV કપ્લર (500Amp) અને ૧૫૦ ચોરસ Sq.mm ફીડર કેબલ્સ માટે આમંત્રણ આપે છે. કામની અંદાજિત કિંમતઃ ૪,૪૯,૧૧,૭૪૨.૨૦. EMD: ₹૩,૭૪,૬૦૦/-. સબમિશનની છેલ્લી તારીખ અને સમય: ૦૨.૦૭.૨૦૨૫ સુધી, ૧૨:૦૦ કલાક. ખુલવાની છેલ્લી તારીખ અને સમય: ૦૨.૦૭.૨૦૨૫ ના રોજ ૧૨:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ૦૨૫૧

અમને લાઇક કરો : facebook.com/WesternRly